પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૧ | ૨૧ જુલાઈ, ૨૦૧૯, રવિવાર; અષાઢ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# નર્મદા જળ મુદ્દે ગુજરાત-મધ્યપ્રદેશ આમને-સામને

## નર્મદાનું પાણી ગુજરાતનો હક છે અને ગુજરાત લઈને જ રહેશે : રૂપાણી ● ડેમના પાણી માટે જે કરાર કરાયો તે મુજબ ગુજરાતને પાણી આપવામાં આવશે કરાર સિવાયનું પાણી નહિ મળે : મધ્યપ્રદેશ સરકાર

ગાંધીનગર,તા.૨૦

નર્મદા ડેમના પાણી મામલે શરૂ થયેલા વિવાદ બાદ એમપીના સીએમ કમલનાથે પ્રતિક્રિયા આપી. તેમણે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે, ડેમના પાણી માટે જે કરાર કરવામાં આવ્યો તે મુજબ ગુજરાતને પાણી આપવામાં આવશે. કરાર સિવાયનું પાણી કોઈને પણ આપવામાં નહીં આવે. કમલનાથની આ પ્રકારની પ્રતિક્રિયા ત્યારે આવી જયારે એમપી સરકારના પ્રધાને જણાવ્યુ હતુ કે, નર્મદાનું પાણી ગુજરાતને આપવામાં નહીં આવે.. જે બાદ રાજ્યમાં ઘમાસાણ શરૂ થયુ છે.

નર્મદાના પાણી વહેંચણી મુદ્દે ફરીએકવાર મધ્યપ્રદેશ અને ગુજરાત સરકાર વચ્ચે વિવાદ ઉભો થયો છે. જેમાં મધ્યપ્રદેશે વીજળીના મુદ્દે નર્મદાનું પાણી બંધ કરવાની ચીમકી આપતા ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણીએ આજે વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે, નર્મદાના મુદ્દે કોંગ્રેસ રાજકારણ રમવાનું બંધ કરે, નર્મદાના પાણીની વહેંચણી ૧૯૭૯ના ચુકાદા પ્રમાણે કરવામાં આવે છે. ગુજરાત સરકાર મધ્યપ્રદેશની કોઈપણ પ્રકારની ધમકીને વશ થશે નહીં તેવી ચેતવણી પણ રૂપાણીએ આપી હતી. લોકસભાની ચૂંટણીમાં કારમા હારના પરિણામો તેઓ પચાવી શકતા ન હોય તેવું લાગી રહ્યું છે.

તેમણે કોંગ્રેસની સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, અગાઉ પણ નર્મદા યોજના ગુજરાત પુરી ન કરે એ માટે પણ કોંગ્રેસે અનેક પ્રયત્નો કર્યા હતા. આ



કારણે લોકો સાથેનું અહીત કરવાની વૃતિ પણ છતી થાય છે.

તેમણે મધ્યપ્રદેશની સરકારને રાજકારણ ન રમવા બાબતે કહ્યું હતું કે, મહેરબાની કરીને નર્મદાના પ્રશ્ને કોઈ રાજકારણ ન રમે, તેમાં જનતાનું હિત નથી હોતું. આ સાથે જ તેમણે કહ્યું હતું કે, મધ્યપ્રદેશની સરકારે આપેલા નિવેદનોમાં માહિતીનો સંપૂર્ણ અભાવ છે અને બાલિશ નિવેદનો છે. ૧૯૭૯ના ચૂકાદાની વાતનો તેમણે ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે કોઈ પણ રાજ્યને આ કાનૂનમાં ફેરફાર કરવાનો અધિકાર નથી. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી વધીને ૧૨૧.૧૮ મીટરે પહોંચી ગઇ છે. ડેમમાં ઉપરવાસ માંથી ૨૭૧૫૯ ક્યુસેક પાણીની આવક થઇ છે ગઈકાલે ડેમની સપાટી ૧૨૦.૯૨ મીટર હતી. ૨૪ કલાકમાં ડેમની સપાટીમાં ૨૪ સેમીનો વધારો નોંધાયો છે. હાલ ગુજરાતમાં સિંચાઇ માટે ૯૨૦૭ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલ ડેમમાં ૧૩૨૦ એમસીએમ પાણીનો લાઈવ સ્ટોરેજ જથ્થો છે.

મધ્ય પ્રદેશ દ્વારા નર્મદાનું પાણી અટકાવવાના નિવેદન પર જીતુ વાઘાણીએ કોંગ્રેસ સરકારને આડે હાથ લીધી હતી. જીતુ વાઘાણીએ જણાવ્યું કે, વિઘ્ન સંતોષી કોંગ્રેસ વિકાસમાં રોડા નાખે છે. ગુજરાત મધ્ય પ્રદેશની સરકારને માફ નહીં કરે. જીતુ વાઘાણીએ કહ્યું કે, જરૂરત પડશે તો, અમે મધ્ય પ્રદેશ સરકાર વિરુદ્ધ આંદોલન કરીશુ.

## ટેરર ફંડિંગના મામલે તામિલનાડુમાં દરોડા

ચેન્નાઇ,તા.૨૦

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ એકવાર ફરીથી ભારત વિરુદ્ધ નાપાક ષડયંત્રો રચનારાઓની કોશિશને નિષ્ફળ બનાવી છે. એનઆઈએએ આજે અંસારુલ્લા મામલામાં સૈયદ મોહમ્મદ બુખારીના ચેન્નાઈ સ્થિત નિવાસસ્થાન અને ઓફિસમાં દરોડા પાડ્યાં. એનઆઈએએ તેની સાથે જ હસન અલી યુનુસમરિકર અને હરિશ મોહમ્મદના તામિલનાડુના નાગાપટ્ટિનમ સ્થિત ઘર ઉપર પણ દરોડા પાડ્યા હતાં. આ તમામ પ્રતિબંધિત સંગઠન સિમી પ્રત્યે ઢળેલા હતાં.

## બિહાર-આસામમાં પુરનુ તાંડવ યથાવત

ગુવાહાટી-પટણા, લખનૌ,૨૦

બિહાર અને આસામમાં પુર તાંડવ જારી છે.બિહાર અને ઉત્તરપૂર્વીય રાજ્ય આસામમાં મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. બંને રાજ્યોમાં અસરગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૧.૧૫ કરોડથી ઉપર પહોંચી ચુકી છે. જ્યારે બંને રાજ્યોમાં મોતનો આંકડો વધીને ૧૫૦ ઉપર પહોંચી ગયો છે. ઉત્તરપ્રદેશના મોતના આંકડાને ગણવામાં આવે તો આંકડો ૧૫૦થી પણ ખુબ ઉપર પહોંચી ગયો છે. તમામ પુરગ્રસ્ત રાજ્યોના વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. દરમિયાન દક્ષિણપશ્ચિમ મોનસુન વધુ આગળ વધીને હવે પશ્ચિમી રાજસ્થાન સુધી પહોંચી ગયુ છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સિવાય સમગ્ર ઉત્તર ભારતમાં વરસાદ થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ હાલત વધારે ગંભીર બની છે. બિહારમાં પુર અને વરસાદ સંબંધિત ઘટનામાં ૧૨ લોકોના મોત થયા છે આની સાથે જ રાજ્યમાં મોતનો આંકડો વધીને હવે ૯૩ ઉપર પહોંચી ગયો છે. આવી જ રીતે આસામમાં પુરના કારણે છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૧ લોકોના મોત થતા મોતનો આંકડો વધીને ૪૭ ઉપર પહોંચી ગયો છે. આસામ અને બિહારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી છે. હાલમાં સ્થિતીમાં સુધારો થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી.

## ન્યુઝ ટ્રેક

### નવજોત સિધૂનું રાજીનામું સ્વીકારાયુ

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે શનિવારે કેબિનેટ મંત્રી અને પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિધૂનું રાજીનામું સ્વીકાર્યું હોવાનું જણાવ્યું છે.

નવજોત સિંહ સિધૂએ ગત રવિવારે ટ્વીટ કરીને પોતાના રાજીનામાનો ધડાકો કર્યો હતો. સિધૂએ રાજીનામાનો પત્ર ટ્વીટ કરીને જણાવ્યું હતું કે તેમણે ૧૦ જૂનના રોજ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને રાજીનામું સોંપ્યું હતું. જો કે ત્યારબાદ તેમણે પંજાબના મુખ્યમંત્રીને પણ રાજીનામું આપવાનું જણાવ્યું હતું. પંજાબમાં લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના ખરાબ પ્રદર્શન બદલ મુખ્યમંત્રીએ પૂર્વ ક્રિકેટર અને કેબિનેટ મંત્રી સિધૂ પર દોષનો ટોપલો ઢોળ્યો હતો.

### આસામ અને અરૂણાચલ પ્રદેશમાં ભૂકંપના આંચકા

અરૂણાચલ પ્રદેશનાં પૂર્વીય કામેંગ જિલ્લામાં આજે શનિવારે વહેલી સવારે ૪ વાગ્યેને ૨૪ મિનિટે ફરી ૫.૫ રીક્ટર સ્કેલની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનાં કારણે લોકો ઉંઘમાંથી ઉઠી ગયા હતાં અને પોતાનાં ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપનાં કારણે જાનમાલનાં નુકશાનનાં હાલ અહેવાલ પ્રાપ્ત થયા નથી. અરૂણાચલ પ્રદેશમાં ૧૪ કલાકમાં ભૂકંપનાં બે મોટા આંચકા અનુભવાયા છે.

## હવે, આનંદીબેન ઉત્તર પ્રદેશના રાજ્યપાલ

### છ રાજ્યોમાં નવા રાજ્યપાલની વરણી : લાલજી ટંડનને મધ્યપ્રદેશની જવાબદારી સોંપવામાં આવી : બિહારના રાજ્યપાલ લાલજી ટંડનને અંતે મધ્યપ્રદેશમાં મોકલવામાં આવ્યા પાંચ અન્ય રાજ્યોના રાજ્યપાલ પણ આગામી બે મહિનામાં નિવૃત થઈ જશે

નવી દિલ્હી,તા.૨૦

રાજકીય ઘટનાક્રમના દોર વચ્ચે આજે છ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂંક કરવામાં આવી હતી. કેટલાક રાજ્યપાલોની બદલી કરવામાં આવી હતી. કુલ છ રાજ્યપાલોની નિમણૂંક માટેની સુચના આજે જારી કરવામાં આવી હતી. આનંદીબેન પટેલને ઉત્તરપ્રદેશના નવા રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ રામનાઈક, પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી અને નાગાલેન્ડના રાજ્યપાલ પદ્મનાભ આચાર્યની



અવધી પરિપૂર્ણ થઈ ચુકી છે. આનંદીબેન પટેલ હાલમાં મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે સેવા આપી રહ્યા છે. હવે આનંદીબેન પટેલ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકેની જવાબદારી સંભાળશે. પાંચ અન્ય રાજ્યોમાં પણ આગામી બે મહિનામાં રાજ્યપાલો નિમણૂંક થનાર છે. જેમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ વિદ્યાસાગર રાવની અવધિ ૨૯મી ઓગસ્ટના દિવસે પૂર્ણ થઈ રહી છે. જ્યારે ગોવાના રાજ્યપાલની અવધિ ૩૦મી ઓગસ્ટના દિવસે પૂર્ણ થઈ રહી છે. કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાની અવધિ ૩૧મી ઓગસ્ટના દિવસે પૂર્ણ થશે. રાજસ્થાનના રાજ્યપાલ કલ્યાણસિંહની અવધિ ત્રીજી સપ્ટેમ્બરે પૂર્ણ થશે. લાલજી ટંડનને મધ્ય પ્રદેશના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. બિહારના રાજ્યપાલ તરીકે ફાગુ ચૌહાન લાલજી ટંડનની જગ્યા લેશે. જગદીપ ધનકડને પશ્ચિમ બંગાળના અને રમેશ બૈસને ત્રિપુરાના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. આ સિવાય આરએન રવિને નાગાલેન્ડના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. લાલજી ટંડનનો જન્મ ૧૨ એપ્રિલ ૧૯૩૫માં થયો હતો. તેઓ ભાજપના સીનિયર નેતા છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતનુ ૮૧ વર્ષની વયે નિધન

### મોદી અને રાહુલે પણ દુઃખ વ્યક્ત કર્યું

નવી દિલ્હી, તા. ૨૦

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતનું આજે ૮૧ વર્ષની વયે અવસાન થયું હતું. શીલા દીક્ષિતના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ કોંગ્રેસ પાર્ટીમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતું. રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું છે કે, શીલા દીક્ષિતના અવસાનના સમાચાર સાંભળીને ખુબ આઘાત લાગ્યો છે. કોંગ્રેસમાં તેમની ભૂમિકા ખુબ જ મહત્વપૂર્ણ રહી હતી. શીલા દીક્ષિત સાથે તેમના વ્યક્તિગત સંબંધો હતો. તેમના પરિવાર અને દિલ્હીના નાગરિકો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરે છે.



● અનુસંધાન પાન-૭ પર

## એરસ્પેસ બંધ કરવાથી પાક.ને રૂ. ૮૫૦ કરોડનું નુકસાન

કરાચી,તા.૨૦

ફેબ્રુઆરીમાં બાલાકોટ એર સ્ટ્રાઈક પછી પાકિસ્તાને ભારત સાથેનો એરસ્પેસ બંધ કરી દેતા તેને ૮૫૦ કરોડ રૂપિયા(પાંચ કરોડ ડોલર) રૂપિયાનું નુકસાન થયું છે તેમ પાકિસ્તાનના નાગરિક ઉડ્ડયન પ્રધાને જણાવ્યું છે.


REQUIRED
FOR A FINANCIAL SOLUTION COMPANY
Equity Dealer - NSE, BSE
Office Executive - MF,GIC
Pay 7500 to 12500+ Incentive.
9974703401

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

શ્રી રાજપૂત સમાજ તથા જિલ્લા રાજપૂત સમાજ દ્વારા
ઈનામ વિતરણ કાર્યક્રમ
સરનામું : સેક્ટર-૧૨, માધ્યમિક શાળાની સામે, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૮૭૭૮
શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર તેમજ જિલ્લા રાજપૂત સેવા સમાજ ગાંધીનગરના આજીવન સભ્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, તા. ૧૮/૮/૨૦૧૯ને રવિવારના રોજ બપોરે ૨-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન શ્રી રાજપૂત સમાજ, સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ તેમજ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સમાજના મહાનુભાવોને સન્માનવાનો કાર્યક્રમ રાખેલ છે.
તારીખ ૧૧/૮/૨૦૧૯ સુધીમાં માર્કશીટની નકલ રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨ ખાતે પહોંચતી કરવાની રહેશે.
દશરથસિંહ એલ. વાઘેલા, પ્રમુખ, જિલ્લા રાજપૂત સમાજ ગાંધીનગર
લાલસિંહ કે. વાઘેલા, પ્રમુખ, શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર
નોંધ : ધોરણ ૧ થી ૯ના વિદ્યાર્થીઓની માર્કશીટમાં ૭૦% કે તેથી વધુ ગુણ હોય તે જ માર્કશીટ સ્વીકારવામાં આવશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્વરૂચિ ભોજન સાથે લઈશું.
સંપર્ક : ૯૭૨૫૭૪૦૩૯૯, ૮૭૩૫૮૪૪૬૫૯, ૯૭૭૩૨૯૦૬૨૬

સ્વચ્છ મોડાસા | સ્વસ્થ મોડાસા
મોડાસા નગર સેવા સદન, મોડાસા
આથી સર્વે નગરજનોને જાણ કરવાની કે, મોડાસા નગરપાલિકા કચેરી બહેરા-મુંગા શાળા પાસે આવેલી જુની મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવેલ છે. જે કચેરીનું લોકાર્પણ તા. ૨૨/૭/૨૦૧૯ને સોમવારના રોજ સવારે ૮-૦૦ કલાકે કરવામાં આવનાર છે. તે જ દિવસથી નગરપાલિકાની વહીવટી કામગીરી નવીન કચેરી ખાતે કાર્યરત થઈ જશે. દેનાબેંક સામે આવેલ નગરપાલિકા કચેરી ખાતે તા. ૨૨/૭/૨૦૧૯ના રોજથી કોઈ કામગીરી કરવામાં આવશે નહીં. જેની સર્વે નગરજનોએ નોંધ લેવી.
પ્રણવ પારેખ, મુખ્ય અધિકારી
રૂપેશકુમાર ઝાલા, ચેરમેન કારોબારી સમિતિ
જ્યોત્સનાબેન કડીયા, ઉપપ્રમુખ
સુભાષભાઈ શાહ, પ્રમુખ



ગાંધીનગરની સંસ્કારી નગરીમાં
શાંત અને રમણીય વાતાવરણ સાથે
ગુજરાતની પારંપારિક સંસ્કૃતિની ઝાંખી કરાવતું
વિવિધ ગુજરાતી ભોજન - વ્યંજનના રસથાળનું જમણ એટલે...
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
Managed by :
RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460